# ચાલો બાકરોલ : વડોદરા રાજ્ય પ્રજામંડળનું ૨૦મું અધિવેશન

સંકલન : જયંતીભાઈ પટેલ

વલ્લભવિદ્યાનગરની સ્થાપના અને દેશની આવી રહેલી આઝાદીની વાતો હવામાં હતી ને વડોદરા રાજ્ય પ્રજામંડળનું ૨૦મું અધિવેશન બાકરોલ મુકામે તારીખ ૨૬-૨૭-૨૮ માર્ચ, ૧૯૪૬માં યોજવાનું નક્કી થયું ને બાકરોલ ગામે એને સહર્ષ વધાવી લીધું.

બાકરોલ ગામના અગ્રણી શ્રી પુરુષોત્તમદાસ દેવજીભાઈ પટેલ સ્વાગત પ્રમુખ અને બીજા અગ્રણી શ્રી ચીમનભાઈ દાદુભાઈ દેસાઈ સ્વાગત મંત્રી તરીકે વરાયા અને ગામ અધિવેશનની તૈયારીમાં લાગી ગયું. અત્યારે જ્યાં અંબર સિનેમા છે તેની બરાબર સામેનો વલ્લભવિદ્યાનગર તરફનો લગભગ પચાસ વીઘાં જેટલો જમીનનો પટ સમથળ બનાવવાના અને વાડો, નળિયો ને ગામઠી રસ્તાઓની સીમાઓ ભૂસી નાખવાની કામગીરી શરૂ થઈ ગઈ.

જેમ જેમ કામ આગળ વધતું ગયું તેમ તેમ એને અનુરૂપ સગવડો પણ ઊભી કરાતી ગઈ. પહેલાં પાણીની પરબો મંડાઈ પછી નાનીનાની રાવટીઓ ઊભી થઈ. કોઈ રાવટીમાં કામચલાઉ કાર્યાલય શરૂ થયું તો કોઈમાં સ્વયંસેવકો માટે રસોડું શરૂ કરવામાં આવ્યું તો કોઈમાં સ્વયંસેવક કાર્યાલય શરૂ થઈ ગયું. સૂતેલાં ખેતરોમાં જાણે પ્રાણ પુરાયા.

બાકરોલની શેરીઓમાં પણ હલચલ મચી ગઈ. કોણ જાણે ક્યાંથીય પાંચસાત મોટર ગાડીઓ પણ આવી ગઈ અને બન્ને પડખે 'ચાલો બાકરોલ' નાં બેનર લગાવીને આસપાસનાં ગામોમાં ઘૂમવા લાગી. કોઈને આણંદ કે લાંભવેલ કે બોરીઆવીથી બાકરોલ જવું હોય તો એને કોઈ પૂછે પણ નહીં કે કયા કામે જવું છે? એક જ જવાબ : બેસી જાવ અને બાકરોલ પહોંચી જાવ, બસ.

હજુ તો દસ દિવસેય થયા ન હતા ત્યાં પ્લાન થઈ ગયા અને આજેય જે બેનમૂન લાગે એવા જુદા જુદા કલાત્મક દરવાજાઓ આકાર લેવા લાગ્યા. અજુબાજુનાં ગામોવાળા પણ આ થઈ રહેલા કાર્યને જોવા માટે આવવા લાગ્યા. સાદા દોટીના માંડવાથીય હજુ માંડ ટેવાતા ગ્રામ્યજનો આ ભૂલભુલામણી જેવા ઊભા થઈ રહેલા નગરની શોભા જોવા ગાડાં જોડીનેય આવવા લાગ્યા અને પોતા જોગું કોઈ કામ હોય તો બતાવવા કહેવા પણ લાગ્યા.

આખા પરિસરમાં પાણીની વ્યવસ્થા માટે કામચલાઉ પાઈપ લાઈન નાખવામાં આવી અને પચાસ વીઘાંના આ વિશાળ પરિસરમાં થઈ રહેલી રઝળપાટથી ધૂળની જાણે ડમરીઓ ઊડવા લાગી. પણ ત્યાં તો પાણી છાંટવાના બંબા આવી ગયા અને જ્યાં થઈ રહેલા કામકાજને કારણે બંબા જઈ શકે તેમ ન હતા ત્યાં પાઈપ વડે પાણી છાંટવાની વ્યવસ્થા પણ ગોઠવાઈ ગઈ.

આસપાસનાં ગામોને તો આ બધી વ્યવસ્થા કોઈ નવી દુનિયા રચાઈ રહી હોય એવી અદ્ભૂત લાગતી હતી. જેમ જેમ કાને કાન વાત પ્રસરાતી ગઈ એમ એમ લોકોનાં ધાડેધાડાં આ તૈયારીઓ જોવા આવવા લાગ્યાં. આ ધસારાને કારણે ત્યાં જોતજોતામાં એક નાનકડું બજાર પણ શરૂ થઈ ગયું. ઉનાળાની શરૂઆત હતી અને ગરમી વહેલી શરૂ થઈ ગઈ હતી એટલે કેટલાક લોકોએ તાજી છાશની દુકાનો પણ શરૂ કરી દીધી અને તમે નહીં માનો પણ છાશથી અજાણ્યા નહીં એવા લોકો પણ આ છાશની દુકાન પર લાઈનો લગાવવા માંડ્યા.

આવો જોઈએ આ અધિવેશનની કેટલીક સચિત્ર ઝાંખી :



પ્રજામંડળના ૨૦મા અધિવેશનના વરાયેલા પ્રમુખ શ્રી ચુનીભાઈ શાહ તથા તેમનાં પત્ની શ્રીમતિ ચંચળબેન શાહ.



ઉપર સભામંડપનું પ્રવેશદ્વાર



સેવાદળ શિબિરનું પ્રવેશદ્વાર : સ્વયંસેવકો શિસ્તબધ્ધ પહેરો ભરી રહ્યા છે.



આણંદના રેલ્વે સ્ટેશને પ્રમુખશ્રીનું ભવ્ય સ્વાગત કરી સ્ટેશનનો દાદર ઊતરતા બાકરોલના નાગરિકો.
તેમાં સ્વાગત પ્રમુખ તથા સ્વાગત મંત્રી દેખાય છે.



બાકરોલ સરઘસમાં. કારમાં ચીમનભાઈ દેસાઈ તથા પુરુષોત્તમદાસ પટેલ દેખાય છે.

શ્રી ચીમનભાઈ દેસાઈની રમૂજવૃત્તિનો સાચો બનેલો નમૂનો વાંચો.

એક વખત એ વલ્લભવિદ્યાનગરની ઓફિસમાં બેઠા હતા ને મંડળમાં કામ કરતો એક કલાર્ક એમની પાસે ફરિયાદ કરતો આવ્યો : 'આપણા ઓફિસ સંકૂલની વચમાં જે જાજરુ-બાથરૂમ આવેલાં છે એ બંધ કરાવો તો સારું.. લોકો જાજરુ જાય છે ને પછી સાફ કરતા નથી. એટલે બહુ ગંધાય છે.'

સહેજ વિચાર કરીને શ્રી દેસાઈ કહે : 'એમાં તને શો વાંધો છે? સાફ નહીં કરતા હોય તો તેમનાં પાટલૂન ગંધાશે. આપણે આપણાં જાજરુ સાફ કરવા કાલથી કોઈને મૂકી દઈશું.'



બાકરોલમાં મુસ્લિમ ભાઈઓ સ્વાગત કરે છે.



પ્રમુખશ્રી બાકરોલમાં એક બહેન ફૂલહાર કરે છે. કાળી ટોપી પહેરેલા ડ્રાયવર જોઈતારામ વાળંદ કેવા વટથી બેઠેલા છે! એમની સાથે બનેલી એક સાચી જોક વાંચો :

એક વખત એ કાર લઈને ક્યાંક જતા હતા ને કોઈની કારને એમની કારનો ધક્કો લાગી ગયો. પેલી કારનો ડ્રાયવર રાતોપીળો થતો ધસી આવ્યો ને બોલ્યો : 'તું ડ્રાયવર છું કે હજામ? મારી કારને ગોબો પાડી દીધો.'

કારમાં ઈશ્વરભાઈ મુખી પાછળ બેઠા હતા એ બોલી ઊઠ્યા : 'અલ્યા, તેં એને ખરો ઓળખી કાઢ્યો. એ ડ્રાયવર તો પરસોત્તમભાઈ દેવજીભાઈએ પાંચ વરસથી જ થયો છે પણ હજામ તો જનમથી છે.'



બાકરોલમાં મુસ્લિમ ભાઈઓ સ્વાગત કરે છે.